ઊંઝામાં પીએસઆઈને કચડી નાખનાર બુટલેગરને પકડવા પોલીસ બે વર્ષે પણ નિષ્ફળ

મહેસાણા જિલ્લાના ત્રણ પોલીસ મથકોએ નોંધાયેલ દારૂબંધીના ગુનાઓમાં સંડોવાયેલ અને નાસતા ફરતા આરોપીની મોટરકારને ઊંઝા હાઈવે પર રોકવાનો પ્રયત્ન કરનાર પોલીસ સબ ઈન્સ્પેક્ટરને મારી નાંખવાના ઈરાદે મોટરકારની ટક્કર મારી હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોટરકાર હંકારીને ફરાર થઈ ગયો હોવાનો ચોંકાવનારો બનાવ બે વર્ષ પૂર્વે બન્યો હતો.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે પી.સી. મારવાડી નામના દારૂના ધંધાર્થી વિરૂદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આરોપીને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. પરંતુ કોણ જાણે કેમ સદર આરોપીને પકડી પાડવામાં ઊંઝા પોલીસ તંત્ર નિષ્ફળ નિવડ્યું હતું.

ગત ઓગષ્ટ ૨૦૧૩નવી સાલમાં ઊંઝા પો.સ.ઈ. સી.એલ. દેસાઈ હાઈવે પોલીસ ચોકી પાસે ટ્રાફિક અંગેની કામગીરી કરી રહ્યા હતા ત્યારે પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મહેસાણા તાલુકા પોલીસ લાંઘણજ અને સાંથલ પોલીસ મથકોએ સને ૨૦૧૨ અને ૨૦૧૩ની સાલમાં નોંધાયેલ પ્રોહિબિશનના ગુનામાં નાસતો ફરતો આરોપી પી.સી. મારવાડી સ્કોર્પિયો મોટર કાર નં. જીજે-૧એચએસ ૩૩૫૫ હંકારીને સિદ્ધપુર તરફ જઈ રહ્યો હોવાની હકિકત મળી હતી.

જેથી પોલીસ સ્કોર્પિયો ગાડીની તલાશીમાં હતી ત્યારે સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે સ્કોર્પિયો ગાડી ઊંઝા હાઈવે પરથી પસાર થતાં પો.સ.ઈ. દેસાઈએ ગાડીને થોભાવા માટે હાથથી સંકેત આપ્યો હતો. તેમ છતાં ગાડી ન થોભતાં પો.સ.ઈ.એ ગાડીને અટકાવવા પ્રયાસ કરતાં ગાડીના ચાલક એવા પ્રોહિબિશનના ગુનાઓમાં નાસતા ફરતા બૂટલેગર પી.સી. મારવાડીએ પો.સ.ઈ. ને મારી નાંખવાના ઈરાદા ગાડી તેમની પર નાંખી ટક્કર મારતા તેમને હાથના ભાગે ફેક્ચર થયું હતું. ટ્કકર માર્યા બાદ કથિત બુટલેગર ગાડી હંકારીને સિદ્ધપુર તરફ નાસી છૂટ્યો હતો.

આ આરોપીને પકડવા માટે ઊંઝા પોલીસ તપાસઅર્થે રાજસ્થાન ગઈ હતી. તેમ છતાં હજુ સુધી પોલીસ આરોપીને પકડી શકી નહતી. દરમ્યાન રાજસ્થાનના રાનીવાડા પોલીસે સદર વોન્ટેડ આરોપી પી.સી. મારવાડીને ઝડપી લીધો હતો. બાદ ઊંઝા પોલીસને જાણ કરી હતી. જેથી ઊંજા પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે આરોપીને ઊંઝા લાવી તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આમ ઊંઝામાં પી.એસ.આઈ.ની હત્યાની કોશીશના ગુનામાં સંડોવાયેલ આરોપીને બે વર્ષ બાદ રાજસ્થાન પોલીસે ઝડપી લેતા ઊંઝા પોલીસે તેનો કબજો મેળવ્યો છે.

પિપલોદી નજીક પરવાના વગર ચાલતી રેસ્ટોરન્ટ સીલ કરાઈ

હિંમતનગર, તા. ૯

હિંમતનગરના પિપલોદી નજીક આવેલી એક રેસ્ટોરન્ટમાં શુક્રવારે મામલતદાર દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન રેસ્ટોરન્ટ પરવાના વગર ચલાવવામાં આવતી હોવાનું માલૂમ પડતા રેસ્ટોરન્ટને સીલ મારી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગે હિંમતનગર મામલતદાર કચેરીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના પિપલોદી નજીક આવેલી પુરોહિત રેસ્ટોરન્ટના સંચાલકોએ સરકારના નિયમોનું ઉલ્લંઘન કરી પરવાના લેવાની તસ્દી પણ લીધી ન હોવાની ફરિયાદ મળતા હિંમતનગરના પ્રાંત ઓફીસર કલ્પેશ પાટીદારના આદેશથી મામલતદાર એચ.કે.ગઢવી, નાયબ મામલતદાર દેવેશ પટેલ, ધીરેન પટેલ સહિતના સ્ટાફ દ્વારા પુરોહિત રેસ્ટોરન્ટની તપાસ હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન સંચાલકોની પુછપરછ કરતા બિનખેતી વગર તેમજ લાયસન્સ કે પરવાના વગર રેસ્ટોરન્ટ ચલાવવામાં આવતી હોવાનું માલૂમ પડયુ હતું.

રેલ્લાવાડા ગામ પાસે એક્ટીવા પર દારૂની ખેપ મારતા બે શખ્સો ઝડપાયા

ઈસરી, તા. ૯

અરવલ્લી જિલ્લાની રાજસ્થાનને અડીને આવેલી ત્રણ આંતરરાજ્ય રતનપુર ચેકપોસ્ટ, રેલ્લાવાડા ગામ નજીક અને કાલીયાકુવા રાજયના અને આંતરરાજ્ય બુટલેગરોમાં વિદેશી દારૂ ઘુસાડવા અને માદક દ્રવ્યોની હેરાફેરી કરવા માટે ખૂબ જાણીતી છે. ઈસરી પોલીસે રેલ્લાવાડા ગામની નજીકથી હોન્ડા એક્ટીવા સ્કૂટર પર વિદેશી દારૂની હેરાફેરી કરતા બે શખ્સોને ઝડપી પાડી સ્કૂટરની ડેકી અને બેગમાં સંતાડેલો ૨૪૩૦નો દારૂનો જથ્થો જડપી પાડી પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મેઘરજ તાલુકાના અંતરિયાળ રેલ્લાવાડા ગામની નજીક રાજસ્થાન રાજ્યની સરહદને જોડતા માર્ગનો ઉપયોગ કરી બુટલેગરો ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ હોય છે. ઈસરી પોલીસ સ્ટેશનના પોલીસ દ્વારા આંતરરાજ્ય તરફથી આવતા નાના-મોટા વાહનોનું ચેકિંગ હાથ ધરતાં રાજસ્થાન તરફથી પૂરઝડપે એક્ટીવા (ગાડી નં. જીજે-

૦૯-સીએમ ૬૩૪૯)ને અટકાવી તલાશી હાથ ધરતાં એક્ટીવા પર પાછળ બેઠેલા શખ્સના થેલાનો અને બેગમાંથી વિદેશી દારૂની ૬ બોટલો કિંમત રૂ. ૧૮૦૦, બીયરના ૩ ટીન કિંમત રૂ. ૩૦૦ તથા રાજસ્થાનની દેશી મદિરાની ૧૧ નંગ બોટલો કિંતમ રૂ. ૩૩૦ મળી કુલ ૨૪૩૦નો વિદેશી દારૂ ગેરકાયદેસર વગર પાસ પરમીટનો જથ્થો ઝડપી પાડ્યો હતો. એખ્ટીવા સૂક્ટર ચાલક આશિષ ખેંગાર વણકર (ભોલેશ્વર) અને જયેશ કાન્તિભાઈ ચાવડા (રહે. તલોદ)ની ધરપકડ કરી ઈસરી પોલીસે એક્ટીવા કિંમત રૂ. ૨૫૦૦૦ મળી કુલ ૨૭૪૩૦નો મુદ્દામાલ જપ્ત કરી બન્ને શખ્સો સામે પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

ઊંઝાનાં રહેણાંક વિસ્તારમાંથી બાઈક ચોરાયું

ઊંઝા, તા. ૯

ઊંઝા શહેરમાં જાણે પોલીસતંત્ર જેવું કશું જ ન હોય તેમ દિનપ્રતિદિન મિલકત વિરૂદ્ધના તેમજ દ્વિચક્રી વાહનોની ઉઠાતરીના બનાવો બની રહ્યા હોઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે. તાજેતરમાં ઊંઝા શહેરમાંથી બે બાઈકોની ઉઠાંતરી થઈ હતી. જે ગુનાઓ અંગે આરોપીઓનું કોઈ પગેરૂ શોધી શકાયું નથી. ત્યાં શહેરના શુકન આર્કેટ આગળ પાર્ક કરાયેલ એક બાઈકની ધોળા દિવસે સવારના સમયે ચોરી થયેલ છે.

ગત તા. ૪ ઓક્ટોબરના રોજ બનેલ આ બાઈક ચોરીની ફરિયાદ ૭મી ઓક્ટોબરના રોજ નોંધાયેલ છે. ઊંઝાના અલ્પેશ પ્રહલાદભાઈ પટેલની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે વાહન ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દાવલી પંચાયતની હદમાં ૧૩૩ નીલગીરીના નિકંદન સામે માત્ર ૧૭ વૃક્ષો કાપવાનો ગુનો નોંધી વન વિભાગ સંતુષ્ટ

એસીબી ટ્રેપની તપાસમાં ઝડપાયેલા આર.એલ. ડામોરની શંકાસ્પદ ભૂમિકા

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના દાવલી ગ્રામપંચાયતની હદમાં એક રાજકીય વ્યક્તિએ વન વિભાગની હદમાં પ્રવેશ કરીને ૧૩૩ નિલગીરીના વૃક્ષ બારોબાર કાપી વેચી નાખ્યા હોવા છતાં અરવલ્લી જિલ્લાનું વન વિભાગ એક મહિનો થવા આવ્યો હોવા છતાં માત્ર તપાસનું નાટક કરે છે. આ વૃક્ષો ચોરનાર સામે કડક પગલાની માંગ ઉઠી છે.

અરવલ્લીના મોડાસા તાલુકાના દાવલી ગ્રામ પંચાયતની હદમાં મોડાસાના વન વિભાગ (દક્ષિણ રેન્જ)નો નિલગીરીના વાવેતરનો પ્લોટ આવેલો હતો. આ પ્લોટમાં ઉભેલા મસ-મોટા વૃક્ષો આવેલા હતા. આ વૃક્ષો દાવલી પંથકના એક રાજકીય નેતાએ રાતોરાત ૧૩૩ જેટલા વૃક્ષો કાપીને બે ટ્રક ભરીને અમદાવાદની લાટીમાં બારોબાર વેચી માર્યા છતાં મોડાસાની દક્ષિણ રેન્જના

આર.એફ.ઓ. આર.એલ. ડામોર, ફોરેસ્ટર, બીટગાર્ડ, ચોકાદીર ઉંઘતા રહ્યા હતા. નવાઈની વાત તો એ છે કે એક વધુ ટ્રક ભરાય તેટલા લાકડા કાપ્યા બાદ હજુ ત્રીજો ટ્રક ભરાય તે પહેલા જ વન વિભાગને જાગૃત નાગરીક તથા પત્રકારોએ જાણ કરતા વન વિભાગ મોડે મોડે પહોંચીને માત્ર બે જેટલા અલગ અલગ ગુના નોંધી ૧૭ જેટલા વૃક્ષોના નિકંદનનો ગુનો નોંધ્યો હતો.

ચિકણા ગામે તકરાર થતાં ફરિયાદ

વિજયનગર તાલુકાના ચિકણા ગામે બુધવારે અગાઉ થયેલી તકરારમાં ત્રણ વ્યકિતઓને ગામના જ પિતાપુત્ર અને અન્ય એક ઈસમે કુહાડીની ઉંધી મુદર અને લોખંડનો સળિયો મારી ઘાયલ કરતા ત્રણેય વિરૂધ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ચિકણા ગામના શંકર થાવરાજી બરંડા અને વાલજી દિતાજી બરંડા વચ્ચે થોડા વખત અગાઉ છોકરાઓ બાબતે તકરાર થઈ હતી. જેની અદાવત રાખી બુધવારે રાત્રે ૧૦-૩૦ વાગ્યે વાલજી દિતાજી બરંડા અપશબ્દો બોલી જોર જોરથી બૂમો પાડતો હતો. જેથી શંકરલાલ તેના પિતા થાવરાજીને બોલાવવા દોડયો હતો. જે સમયે વાલજીએ શંકરલાલને શરીરે કુહાડીની ઉંધી મુદર મારી હતી. જે સમયે છોડાવવા વચ્ચે પડેલા પ્રવિણને વાલજીના દિકરા દિનેશે કુહાડીની ઉંધી મુદર ફટકારી દીધી હતી. જયારે દિલીપ નારણ બરંડાએ મગન કમાજી બરંડાના માથામાં લોખંડનો સળિયો મારી દીધો હતો. આ મામલે શંકર થાવરાજી બરંડાએ ગુરૂવારે વાલજી તેનો પુત્ર દિનેશ અને દિલીપ નારણ બરંડા વિરૂધ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગઢામાંથી બે ભેંસો ચોરાતા ફરિયાદ

હિંમતનગર તાલુકાના ગઢા ગામના પશુપાલક ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ ભટ્ટના તબેલામાંથી બુધવારે રાત્રે અજાણ્યા શખ્સોએ આવી રૂા.૯પહજારની કિંમતની બે ભેંસો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે ઈદ્રીશભાઈ ભટ્ટે શોધખોળ કરી હતી. પરંતુ કોઈ પત્તો ન મળતા ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ખેડબ્રહ્માના તુવેર ગામે પ્રેમી-પંખીડાએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્મા તાલુકાના તુવેર ગામમાં બે પ્રેમીઓ સાથે જીંદગી નહી જીવી શકાય તેવું લાગતા ગુરૂવારે રાત્રે બાવળના ઝાડ ઉપર સાડીથી ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી નાંખ્યું હતું. પ્રમી યુવક પત્ની અને દિકરીઓનો પિતા હોવા છતાં ગામની યુવતી સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. બન્ને પ્રેમીઓએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ગામમાં ભારેલા અગ્નિ જેવો માહોલ સર્જાયો છે.

ખેડબ્રહ્મા તાલુકા તુવેર ગામના રહિશ નાથાભાઈ ડાભીને સંતાનમાં ત્રણ દિકરા અને એક દિકરી છે. આમા વિનોદ સૌથી મોટો હતો અને પરિણીત હતો. છેલ્લા ત્રણ વર્ષથી તેની પત્ની અને ત્રણ દિકરીઓ સાથે તેના પિતાના ઘર પાસે ઝુંપડું બનાવી રહેતો હતો અને ઉચીધનાલ ગામે ભાગીયા તરીકે ખેતીકામ કરતો હતો. ગુરૂવારે સવારે વિનોદ ખેડબ્રહ્મા કોર્ટમાં મુદત ભરવા ગયો હતો અને સાંજે ઘરે આવ્યો હતો અને ઉંચી ધનાલ શેઠના ઘરે મકાઈ ફોલવા જવાનું કહી ગયો હતો અને ગુરૂવારે રાત્રે વિનોદ ઘરે આવ્યો ન હતો.

નાથાભાઈ ડાભી શુક્રવારે સવારે તેના શેઠના ખેતરમાં પાણી વાળતા હતા ત્યારે ઉંચી ધનાલની સીમમાં છોકરા-છોકરીએ ગળે ફાંસો ખાઈ લીધાના સમાચાર મળ્યા હતા. જે વિનોદ ડાભી અને સોનલ હરજીવન ડાભી હતા. બન્ને પ્રેમીઓએ આત્મહત્યા કરી લેતા ગામમાં તણાવ સાથે ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે. આ ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસે ઘટનાસ્થળે દોડી આવી બન્ને મૃતદેહોને ઉતારી પી.એમ. અર્થે મોકલી આપ્યા હતા. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પેથાપુરમાં સામાન્ય બાબતે ઝઘડો થતાં પાંચ વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર તાલુકાના પેથાપુર ગામની સીમમાંથી બુધવારે એક શખ્સ સાયકલ લઈને ઘરે જતા હતા ત્યારે પાછળથી બાઈક લઈને આવતા એક ઈસમે તેની સાથે જાતિ વિરૂધ્ધ ઉચ્ચારણો કરી માથામાં ઈજા પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપતા આ શખ્સે પેથાપુરના પાંચ શખ્સો વિરૂધ્ધ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પેથાપુરના રમેશભાઈ ખેમાભાઈ પરમાર બુધવારે ખેતરમાં જુવાર કાપી સાયકલ પર પરત ઘરે આવી રહ્યા હતા ત્યારે જગતસિંહ મનહરસિંહ ચૌહાણે બાઈક પર આવી રમેશભાઈ પરમાર સાથે ઝઘડો કરી જાતિ વિરૂધ્ધ ઉચ્ચારણો કરીને માર માર્યો હતો. જેમાં મનહરસિંહ નેનસિંહ ચૌહાણ, પૃથ્વીસિંહ મનહરસિંહ ચૌહાણ, જાલમસિંહ દલપતસિંહ ચૌહાણ અને દલપતસિંહ નેનસિંહ ચૌહાણે એકબીજાને મદદગારી કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મેઘરજ કિસાન સંઘ અને ભાજપા દ્વારા યુજીવીસીએલ કચેરી રેલ્લાવાડા શરૂ કરવા મંત્રીને રજુઆત કરાઈ

ઈસરી, તા. ૯

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ઈસરી વિભાગના ભાજપાના કાર્યકરો અને કિસાનસંઘના કાર્યકર અને મંત્રી પ્રેમજીભાઈ પોતાના સાથીદારો સાથે ગાંધીનગર સચિવાલય ખાતે ગૃહમંત્રી રજનીભાઈ ઉર્જામંત્રી સૌરભભાઈ-સીંચાઈમંત્રી બાબુભાઈ બોખીરીયા અને મંત્રી નીતિનભાઈ પટેલ સમક્ષ આ વિભાગના વણ ઉકલ્યા પ્રશ્નોનો ઉકેલ લાવવા રૂબરૂ રજૂઆત કરી હતી.

જેમાં ઈસરી ખાતે પોલીસ સ્ટેશન બનાવવા જગ્યાની મંજૂરી મળી છે પરંતુ સત્વરે કામ શરૂ થવા રેલ્લાવાડા ખાતે યુજીવીસીએલના પેટા કચેરી નંબર-૨ રેલ્લાવાડા શરૂ કરવા મંજૂરી મળી છે. પરંતુ શરૂ થઈ નથી. રેલ્લાવાડા યુજીવીસીએલ દ્વારા વારંવાર ટેપીંગ થતાં લાઈટ ખોરવાય છે. રીપેરીંગ બરાબર થતુ નથી. રેલ્લાવાડા ખાતે બે વર્ષ અગાઉ માઝુમ નદી ઉપર બે ચેકડેમ બનાવવા સ્થળની ચકાસણી થયેલ પરંતુ ચેકડેમ બનેલ નથી તો આ ફાઈલ કેટલે સુધી છે તે જાણવા આવેદનપત્ર આપેલ છે. લોક દરબારમાં રેલ્લાવાડા યુજીવીસીએલ કચેરી શરૂ કરવાની મંજુરી મળી ગઈ હોવા છતાં મેઘરજ ખાતે કચેરી ચાલુ રાખી છે.

જ્યારે ૭૦ કિ.મી. દૂરથી ખેડૂતો બીલ ભરવા મેઘરજ આવે તો રેલ્લાવાડાની મંજુરી હોવા છતાં ઓફિસ શરૂ ન થતાં કિસાન સંઘના અગ્રણી પ્રમજીભાઈએ આક્રોશ રજૂ કર્યો હતો. સંસદસભ્ય માંડવીયા સમક્ષ રૂ.ના ભાવો ૧૧૦૦થી વધારે સીસીસી કેન્દ્રો ખોલવા રજૂઆત કરી હતી.

ભાભરના ખારા ખાતે નર્મદાના નીરના વધામણા કરાયા

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા જિલ્લાપના ભાભર તાલુકાના ખારા મુકામે આરોગ્યર અને પરિવાર કલ્યાણ તથા વાહન વ્ય વહાર રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાઆને બ્રાન્ચ કેનાલમાં નર્મદા નીરનાં વધામણા કાર્યક્રમ યોજાયો હતો. આ -સંગે ઉપસ્થિત વિશાળ જનમેદનીએ ભારે હર્ષ અને ઉલ્લાંસથી પવિત્ર નર્મદા નીરનાં વધામણાં કર્યાં હતાં. સમારોહના અધ્યેક્ષસ્થા નેથી -રસંગીક -વચન કરતાં મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુંય હતું કે તત્કામલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યાગરે આપણા લોકન્ય વડા-ધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીના -યાસોથી બનાસકાંઠાની ભૂમિ પર પવિત્ર નર્મદાના નીરની વર્ષ ૨૦૦૮ માં પધરામણી થતાં અગાઉ સુકો અને ઉજ્જડ ગણાતો આ વિસ્તાનર હવે હરિયાળો અને સમૂધ્ધ બની રહ્યો છે તેમણે ઉમેર્યુ કે નર્મદાના નીરથી આ વિસ્તોરના ખેડૂતોની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર -ગતિ જોવા મળે છે. મંત્રીશ્રીએ જણાવ્યુ કે રાજયનાં -થમ મહિલા મુખ્યસમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના નેતૃત્વક અને માર્ગદર્શન હેઠળ કાર્યરત રાજય સરકાર ખેડુતોના હિત અને કલ્યાણ માટે સક્રિય અને સંકલ્પનબધ્ધ છે. તેમણે ઉમેર્યુ કે સરકાર ખેડૂતોને ઉદારતાથી વિવિધ રીતે સહાય કરી રહી છે.

મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ

જણાવ્યું કે રાજય સરકાર વ્યોપક -યાસો અને જંગી ખર્ચ કરી ખેડૂતોના ખેતરો સુધી પાણી પહોંચાડે છે ત્યુરે પાણીનું મહત્વજ સારી રીતે સમજીને કાળજી અને કરકસરપૂર્વક તેનો ઉપયોગ કરીએ. તેમણે કહ્યું કે ઓછા પાણીથી વધુ વિસ્તા રમાં સારી ખેતી કરવા ટપક અને ફુવારા પધ્ધએતિનો ઉપયોગ કરીએ. તેમણે કહ્યું કે ટપક અને ફુવારા પધ્ધીતિ માટે સરકાર ઉદારતાથી સહાય આપે છે તેનો લાભ લઈને આધુનિક ખેતી કરી સારી આવક મેળવી બાળકોને સારૂ ભણાવીને સમૃધ્ધ અને સુખમય પરીવાર અને સમાજનું નિર્માણ કરીએ. મંત્રીશ્રીએ કહ્યું કે પાણી -ભુના -સાદ સમાન છે તેનો ઉપયોગ વિવેક અને કરકસરથી કરીએ તેમજ પાણીના બચાવ માટે બાળકોને પણ સારા સંસ્કાણર આપીએ.

આ -સંગે ભાભર તાલુકા પંચાયતના -મુખશ્રી ગગજી ઠાકોર, એપીએમસી ના ચેરમેનશ્રી લાલજીભાઈ ચૌધરી, શ્રી કુંવરસિંહભાઈ ઠાકોર, શ્રી જીવણગર ગોસ્વાઅમી, અગ્રણીઓ સર્વશ્રી રાજુભાઈ રાવલ, શ્રી હીરાજી ઠાકોર, શ્રી હરિભાઈ આચાર્ય, શ્રી અમથુજી ઠાકોર, શ્રી મહેશભાઈ ચૌધરી સહિત અગ્રણીઓ, અધિકારીઓ અને વિશાળ સંખ્યાહમાં લોકો ઉપસ્થિગત રહ્યા હતા.

મોવતપુરામાં શ્વાન બાબતે ઝઘડો થતાં ફરિયાદ

વિજયનગર તાલુકાના મોવતપુરા ગામે બુધવારે એક શ્વાનને મારવા બાબતે ઝઘડો થતાં એક ઈસમને માર મારતા મામલો ચિઠોડા પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો. મોવતપુરા ગામના રાજેશ તુલસીદાસ ડામોરે ગામના જ વર્ષાબેન રવિશંકર ડામોર તથા કુણાલ નલીનભાઈ સાથે શ્વાનને મારવા અંગે ઠપકો કર્યો હતો. જેથી વર્ષાબેન અને કુણાલે રાજેશભાઈ ડામોરને અપશબ્દો બોલવાની ના પાડી હતી. જેથી રાજેશભાઈ ડામોરે ઉશ્કેરાઈ જઈ કુણાલ કલાસવાને માથામાં ઈજા પહોંચાડી હતી. જે અંગે વર્ષાબેન ડામોરે ગુરૂવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં રાકેશ ડામોર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

મોડાસાના દૃષ્ટિકેન્દ્રમાં એક વર્ષમાં ૪૯૮ દર્દીઓને નવી દૃષ્ટિ મળી

મોડાસા, તા. ૯

મોડાસા શહેરના માલપુર રોડ પર એક વર્ષ અગાઉ શ્રી તુલસીદાસ પી. શાહ (મુંબઈ) અને સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દૃષ્ટિકેન્દ્રની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં એક વર્ષ દરમ્યાન અરવલ્લી જિલ્લા અને તેની આજુબાજુના જિલ્લાઓમાંથી ૪૮૮૧ આંખની તકલીફથી પીડાતા લોકોએ સારવારનો લાભ લીધો હતો. આ સંસ્થા દ્વારા ૪૯૮ લોકોને મોતીયાના મફત ઓપરેશન દ્વારા નવી દૃષ્ટિ આપવાની સાથે આંખની મેજર તકલીફ વાળા ૮ જેટલા વ્યક્તિઓને અદ્યતન સારવાર આપી સારવાર અપાતાં દૃષ્ટિ પાછી મેળવતા તેમના જીવનમાં અને પરિવારજનોમાં પ્રકાશ ફેલાયો હતો. એક વર્ષના અંતે મોડાસાના માલપુર રોડ પર આવેલા દૃષ્ટિ કેન્દ્રમાં મોતીયાના સફળ ઓપરેશન

કરાયેલા લોકો એકઠા કરી આવા કાર્યને વેગ આપવા માટે દૃષ્ટિ કેન્દ્રની મુલાકાત મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, જશુભાઈ પટેલ, નિલેષભાઈ જોષીએ મુલાકાત લીધી હતી. મોડાસા ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોરે ટ્રસ્ટના સેવાકીય કાર્યોને બીરદાવી આર્થીક જરૂરીયાતવાળા અને ગરીબ દર્દીઓ વધુને વધુ આ દૃષ્ટિકેન્દ્રનો લાભ લે તેવું આયોજન કરવા જણાવી સેવાના કાર્યમાં સહકાર આપવા જણાવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ અરૂણભાઈ શાહે ટ્રસ્ટ વિશેની માહિતી આપી હતી. ટ્રસ્ટી બિપીનભાઈ શાહે આવનારા સમયમાં દૃષ્ટિકેન્દ્ર દ્વારા વધુ સારી કામગીરી કરી આ કેન્દ્રનો લાભ અને સગવડ મળી રહે તે માટે ગરીબ વર્ગના લોકો પાસે આયોજનબદ્ધ રીતે આ સુવિધા પહોંચાડી વધુને વધુ લાભ લે તેવા યોગ્ય પગલા ભરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો, ટ્રસ્ટીઓ અને દરદીઓનો આભાર જીવદયાપ્રેમી નિલેશભાઈ જોષીએ આભાર વ્યક્ત કરી દૃષ્ટિકેન્દ્રની સરાહના કરી હતી.